# ૩૫. બુદ્ધિમાન્ વણજારો

(આત્માએ સાચી દિશામાં આદરેલો પ્રવાસ આ દેહ ખાખ થઈ ગયા પછી પણ ચાલુ રહે છે અને ઉત્તરોત્તર વિકાસ પામી કોઈ એક જન્મમાં પૂર્ણત્વને પામે છે. આવી કોઈ વિચારસરણીને આધારે ભગવાન બુદ્ધના પૂર્વજન્મની ધર્મકથાઓનો જન્મ થયો છે. જાતિ કે વર્ણનો ભેદ બુદ્ધિની ખિલવણીને કે પ્રજ્ઞાની પારમિતાને માન્ય નથી એ વાત બુદ્ધદેવે પોતાના આ પૂર્વજન્મમાં સિદ્ધ કરી છે. પાલી ભાષાના અભ્યાસી પંડિતજીએ અનેકમાંની એક જાતક-કથા અહીં રજૂ કરી છે.)

પૂર્વે કાશી દેશમાં રાજા બ્રહ્મદત્તનું રાજ ચાલતું હતું. ત્યારે બોધિસત્ત્વ એક વણજારાના કુળમાં અવતર્યા હતા. જ્યારે તે નિશાળે જવા જેવડા થયા, ત્યારે તેમને ગુરુ પાસે નિશાળે ભણવા બેસાડ્યા. ભણીગણીને પ્રવીણ થયા પછી માતાપિતાએ તેમને ગુણે અને સ્વભાવે સરખી એવી એક કન્યા પરણાવી. પછી તો લગ્ન બાદ તેઓ પોતાનાં માતાપિતાની સંમતિ મેળવી પોતે આગવો વેપાર કરવા લાગ્યા. માલની પાંચસો પાંચસો ગાડીઓ ભરી પૂર્વથી ઠેઠ પશ્ચિમમાં જવા લાગ્યા અને પશ્ચિમમાંથી માલસામાનની પાંચસો પાંચસો ગાડીઓ ભરીને પૂર્વમાં આવવા લાગ્યા. એ જ પ્રકારે ઉત્તરમાં અને દક્ષિણમાં પણ પોતાનો મોટો વેપાર ખેડવા લાગ્યા.

એમના જ વખતમાં કાશીમાં એક બીજો પણ વણજારો છોકરો વેપાર ખેડતો હતો. એ છોકરો મૂરખ, જડ અને બુદ્ધિહીન હતો.

એક વખત બોધિસત્ત્વ વણજારાએ કરિયાણાનો કિંમતી માલસામાન ભરી પાંચસો ગાડીઓ લઈ પરદેશમાં જઈ વેપાર ખેડવાની તૈયારી કરી, ત્યારે પેલા વણજારાનો બુદ્ધિહીન છોકરો પણ માલની પાંચસો ગાડીઓ ભરીને પરદેશ જવા તૈયાર થયો.

આ સમાચાર સાંભળતાં જ બોધિસત્ત્વની તરત-બુદ્ધિએ વિચાર્યું : 'અમે બંને વણજારા એક સાથે પ્રવાસ ખેડીશું તો કોઈને લાભ તો નહીં થાય; ઊલટું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નુકસાન થશે અને પ્રવાસમાં પણ ભારે હાડમારી રહેશે. એક સાથે હજાર ગાડીઓ ચાલે એવો પૂરતો સારો રસ્તો હોવાનો સંભવ નથી; ને વળી સાથે આવનારા હજારથી વધુ સાથીદારો, ગાડીવાળા તથા બે હજારથી પણ વધુ પશુઓ, બળદ, ગાય વગેરે માટે રસ્તે પૂરતું બળતણ, ખોરાક, ઘાસચારો, પીવાનું ચોખ્ખુ અને મીઠું પાણી પણ મળવું મુશ્કેલ છે. વળી, માલ વેચવામાં જો એ પેલો છોકરો હરીફાઈ કરવા લાગે તો પૂરી કિંમત પણ હાથમાં ન આવે; એટલે નફો લેવા જતાં ખોટ ખાઈને જ પાછું આવવું પડે. એથી કાં તો એ પહેલો જાય અને કાં તો હું પહેલો જાઉં; પણ બંને સાથે તો હરગિજ નહિ ચાલીએ.'

આવું વિચારી પાકો નિર્ણય કરી તેમણે પેલા બીજા વણજારાને બોલાવ્યો અને પૂછ્યું : "ભાઈ, શું તમે પહેલાં જવાના છો કે હું પહેલો જાઉં ? આપણે બંનેએ એક સાથે ચાલવું ઠીક નહિ. માટે બોલો, તમે જે નક્કી કરો તે મારે કબૂલ છે."

પેલા છોકરાને વિચાર આવ્યો : 'હું પહેલો જાઉં તો મને વિશેષ ફાયદો થશે. વણખેડાયેલા ને સારે રસ્તે મુસાફરી કરવાનું મળશે, બળદોને તાજું ઘાસ મળશે, મારા માણસોને ખાવા માટે સારો ભાજીપાલો, શાક, ફળો વગેરે પણ મળશે, ચોખ્ખું પાણી મળશે; અને સૌથી મોટો તો લાભ એ છે કે હું મારો સામાન વેચીને મનમાન્યો નફો પણ મેળવી શકીશ.'

મનમાં આવી બધી ગડીઓ બેસાડી પેલા વણજારાએ બોધિસત્ત્વને જણાવ્યું : "હે આર્ય ! આપણે બંને સાથે ચાલત તો તો ઠીક થાત. કહેવત છે કે એક કરતાં બે ભલા. મને પણ તમારો સંગાથ થવાથી ઘણું જાણવાનું મળત. પણ આપણે બંને સાથે જઈએ એ તમને જ્યારે પસંદ નથી પડતું ત્યારે હું જ પહેલાં જાઉં એવો મારો વિચાર છે." તેનો આ વિચાર સાંભળી બોધિસત્ત્વે તેને પહેલા જવાની સંમતિ આપી અને પાછળ જવાથી શા શા લાભ છે તે વિશે પણ વિચારી જોયું, તો તેમને ચોખ્ખું જણાયું કે પાછળ જવાથી ઘણાઘણા ફાયદા છે : 'પહેલું તો એ કે રસ્તામાં જ્યાં ખાડાખડિયા હશે તે બધું આ પહેલો જનાર સરખું કરી નાખશે એટલે મને સરખા રસ્તાનો લાભ મળશે. બીજું, આગળ જનારના બળદો ઘરડું કડક ઘાસ ખાઈ જશે એટલે મારા બળદોને તાજું અને કૂણું ઘાસ ખાવા મળશે. આગળ જનારના માણસો ભાજીપાલો વગેરે તોડી લેશે અને તેની જગ્યાએ જે કૂણો તાજો ભાજીપાલો તથા ફળો વગેરે થશે તે મારા માણસોને ખાવા મળશે. પાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે આગળ જનારા લોકો વીરડા કે કૂવા ગાળી રાખશે એટલે પાછળ જનારને પાણી માટે કશી માથાકૂટ નહિ કરવી પડે. ખાસ વાત તો એ છે કે આ માલસામાન અને કરિયાણાની કિંમત નક્કી કરવી એ ભારે માથાફોડનું કામ છે. ખરી રીતે સોદાની કિંમત નક્કી કરવી એ માણસના જીવ પર જવા જેવું કપરું કામ છે; તે કામ આ વણજારો કરી નાખશે, એથી મારે મારો સામાન વેચવામાં વધુ માથાફોડ કરવી નહિ પડે.' આ બધો વિચાર કરીને બોધિસત્ત્વે પાછળ જવાનો પાકો નિર્ણય કરી કાઢ્યો.

હવે પેલો વણજારો ગાડીઓ જોડાવી ગામમાંથી બહાર નીકળ્યો. આમ તો તે વારંવાર પ્રવાસ કરતો હોવાથી તેને ચોરકાંતાર, વ્યાલકાંતાર, નિર્જલકાંતાર, ભૂતકાંતાર અને અલ્પભક્ષ્યકાંતાર—આ પાંચેય કાંતારો(જંગલો)ની ખબર હતી. થોડે દૂર જઈ પોતાનો પહેલો પડાવ નાખ્યા પછી રાતે પોતાના તમામ સાથીદારોને બોલાવીને પેલાં પાંચે કાંતારની તેણે સમજ પાડી. (૧) જ્યાં ચોર-લૂંટારા, ધાડપાડુ અને ખૂની લોકો રસ્તે જનારાંઓને લૂંટી લઈ મારી નાંખે તે ચોરકાંતાર. (૨) જ્યાં ક્રૂર વાઘ, સિંહ, ચિત્તા, દીપડા, વરુ વગેરે જાનવરો રહેતાં હોય અને રસ્તે જનારાંઓને ફાડી ખાતાં હોય તે વ્યાલકાંતાર (૩) જ્યાં મારગમાં નાહવાધોવાનું કે પીવાનું ચોખ્ખું મીઠું પાણી પણ ન મળે તે નિર્જલકાંતાર. (૪) જ્યાં મારગમાં ભૂતો, પિશાચો, વ્યંતરો, રાક્ષસો, દૈત્યો વગેરે રહેતા હોય અને રસ્તે જનારાંઓને વળગી હેરાન કરતા હોય તે ભૂતકાંતાર. ભૂતકાંતારનું બીજું નામ અમનુષ્યકાંતાર પણ છે. જ્યાં મારગમાં કોઈ મનુષ્ય જ ન મળે તે આ અમનુષ્યકાંતાર. (૫) જ્યાં મારગમાં ખાવા લાયક નીરણ કે પાકાં ફળો, કંદમૂળો વગેરે ન મળતાં હોય વા ઘણાં ઓછાં મળતાં હોય તે અલ્પભક્ષ્યકાંતાર.

આમ સમજ પાડી તથા રસ્તામાં આવતી તકલીફોની માહિતી આપી તે વણજારો હવે ઝપાટાબંધ પ્રયાણ કરવા લાગ્યો અને ભારે ઉત્સાહથી આગળ ને આગળ વધવા લાગ્યો.

એ રીતે અનુક્રમે ચાલતાંચાલતાં હવે રસ્તામાં આવતી તમામ વસતી-(ગામડાં)પૂરી થઈ ગઈ અને એક મોટા નિર્જલકાંતાર પાસે આવી પહોંચ્યો. આ રણ સાઠ ગાઉ લાંબું પથરાયેલું હતું. ત્યાં રસ્તામાં ઝાડનું નામ નહીં, એટલે છાંયો તો ક્યાંથી હોય ? રેતી જ રેતી ! એટલી બધી સુંવાળી રેતી કે પગે ચાલનારનો પગ જ ખૂંતી જાય અને ગાડાં ચાલવાની તો ભારે મુસીબત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડે.

એટલું સારું હતું કે આ વણજારાની ગાડીઓને જોડેલા બળદો પાણીદાર અને હૃષ્ટપુષ્ટ હતા. આથી તેઓ ઠંડે પહોરે ગાડીઓને જરૂર ખેંચી શકતા. સાથે પાણી, બળતણ અને અનાજ વગેરે હોવાથી એ બધાંની પણ તાણ દેખાતી નહિ.

પણ આ કમઅક્કલ વણજારાને ત્યાં રસ્તામાં એક ભારે વિઘ્ન આવ્યું.

જે કાંતારમાંથી એ પસાર થતો હતો તે હતું ભૂતકાંતાર; ત્યાં કેટલાક દૈત્યો રહેતા હતા. એ ખવીસો પ્રવાસ કરનારાઓને ખાઈ જતા હતા. માણસના માંસને ખાનારા એક દૈત્યે આવતા આ મોટા સંઘને જોઈને તેને પોતાની જાળમાં ફસાવવાની યોજના કરી. સહુ પ્રથમ વિચાર ખવીસે એવો કર્યો કે 'આ કાફલા પાસેનું તમામ પાણી ફેંકાવી દઉં, જેથી પાણી વિનાના તરફડિયા મારતા આ કાફલાને ખાઈ જવો સહેલો પડશે.'

એ દૈત્યે ઘાટ એવો રચ્યો કે પોતે એક સફેદ રથ તૈયાર કરાવ્યો, તેને જુવાન ઘોડલા જોડાવ્યા. હાથમાં ધનુષ્ય, તરકસ, ઢાલ વગેરે હથિયાર લીધાં, લીલાં અને સફેદ તાજાં કમળોની માળાઓ પહેરી વાળમાંથી પાણી નીતરતું દેખાય એ રીતે વાળ બાંધ્યા તથા પાણીથી લદબદ થયેલા દેખાય એવાં કપડાં પહેર્યાં. પોતાની સાથે બીજા બાર ખવીસોને લીધા અને તેમનો પોષાક પણ જાણે તેઓ ભરવરસાદમાંથી આવતા હોય તેવા દેખાવવાળો રાખ્યો. જાણે પોતે બધા ખવીસોનો રાજા હોય તે રીતનો દમામ કરીને તે રથમાં બેઠો, પોતાની આજુબાજુ બીજા ખવીસોને બેસાડ્યા. ગારામાં ખૂંતી ગયેલાં પૈડાંઓ દેખાય એ રીતે રથનો પણ દેખાવ કર્યો : રથ ઉપરથી પાણી ટપકતું જાય અને તેમાં બેઠેલા તમામ લોકો પાણીથી ભીંજાઈ ગયેલા જણાય તેવો દેખાવ કર્યો. પેલા બારે ખવીસોના માથામાંથી પાણી ટપકતું દેખાય, તેમના કપડાં ભીનાં જણાય અને જાણે રથ જોરથી ચાલ્યો હોય તેથી કપડાં ઉપર ગારો છંટાઈ જવાનો પણ દેખાવ કર્યો. મતલબ કે આગળ ભારે વરસાદ છે એવી આબાદ સમજ તેમને જોનારને પડે એવું દૃશ્ય રચી એ ખવીસરાજ પેલા વણજારાના સંઘની સામે ચાલ્યો.

વણજારાનો સંઘ પણ ઝપાટાબંધ આગળ વધતો હતો. સામેથી પવન જોરથી ફૂંકાતો હતો—જાણે આંધી ચડી હોય એ રીતે ધૂળના ગોટેગોટા ગગનમાં ચડ્યે જતા હતા. પોતાની આજુબાજુની ધૂળને નોકરો પાસે દૂર કરાવતો તે વણજારો ગાડી ઉપર ચડીને સૌની મોખરે આવતો હતો. વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે હવા પાછળની હોય ત્યારે તે વણજારો પાછળ રહેતો હતો. પણ હમણાં તો સામેનો વંટોળ જામ્યો હતો. એટલે તે આગળ જ હતો.

પેલા ખવીસરાજે આને પોતાની સામે આવતો જોયો એટલે પોતાના રથને એક કોર તારવી એકબાજુ ઊભો રાખ્યો અને સંઘના આગેવાન વણજારાને તે ખવીસરાજે "કઈ તરફ સિધાવી રહ્યા છો ?" એમ પૂછી તેના કુશળ સમાચાર પૂછ્યા.

પેલા આગેવાન વણજારાએ પણ પોતાની ગાડીને એક બાજુ તારવી લીધી અને પાછળની ગાડીઓને આગળ જવાનો રસ્તો કરી દીધો. પછી ગાડી ઉપર જ એક બાજુ ઊભા રહી પેલા ખવીસરાજ સાથે વાતચીત શરૂ કરી : "અમે વણજારા છીએ. આ પાંચસો ગાડીઓ જુદી જુદી જાતના માલસામાનથી ભરેલી છે; બનારસથી આવીએ છીએ. ઘર મૂક્યે આજ ઘણાં જમણ થઈ ગયાં છે, હવે આ જંગલને પાર કરીને આગળના મુલકમાં આ બધો સામાન વેચી પાછા ફરશું.

તે પછી વણજારાએ પેલા ખવીસરાજાનો, તેના બાર બીજા ખવીસોનો અને રથનો દેખાવ જોઈને પૂછ્યું : "તમારાં આ કપડાં ભીનાં છે, માથામાંથી પાણી ચૂઈ રહ્યું છે, કપડાં ઉપર તાજો જ ગારો છંટાયેલો દેખાય છે, તમારા હાથમાં કમળનાં લીલાં નાળ છે અને ગળામાં તાજાં લીલાંકમળની માળાઓ તમે પહેરી છે; તો શું આગળ રસ્તામાં ક્યાંય વરસાદ પડી રહ્યો છે ? આગળ ક્યાંય કમળોથી ભરેલાં ભારે સરોવરો આવે છે ?"

આ પ્રશ્ન સાંભળી ખવીસરાજ મનમાં હસ્યો અને પોતાની જાળ હવે બરાબર બિછાવી દેવાના વિચારથી બોલ્યો : "મિત્ર ! શું તમે અમને બરાબર જોઈ શકતા નથી ? વરસાદ વિના અમારા આવા હાલ બીજી કઈ રીતે થઈ શકે ? અને રસ્તામાં કમળ ભરેલાં મોટાં સરોવરો ન આવતાં હોય તો આ અમારા ગળામાં અને હાથમાં જે કમળો તમે જોઈ રહ્યા છો તે ક્યાંથી આવે ? ભલા ભાઈ ! આ સામે જે લીલી કુંજાર વનરાઈ દેખાઈ રહી છે તેની પેલી પાર આ આખા જંગલમાં મુસળધાર વરસાદ વરસી રહ્યો છે, પહાડના ખાડા છલોછલ ભરાઈ ગયા છે અને ઠેકઠેકાણે તળાવો પાણીથી છલકાઈ ગયાં છે."

પેલા શરાફ ખવીસરાજની આ બધી વાત સાંભળી વણજારાને આમ થયું : 'સાથે આ એક જ જે પાણીની ગાડી છે, તેમાં સૌથી વધારે ભાર છે. તેમાં પાણીથી ભરેલાં ઘણાં માટલાં ગોઠવેલાં છે. તેને ખેંચતા બળદોને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવનેજાં પાણી આવી જાય છે અને જાણે ગળે પ્રાણ આવ્યા હોય એવું પણ થઈ આવે છે. જ્યારે ચડાવ આવે છે ત્યારે તો બિચારા બળદોની જીભ હાથ જેટલી નીકળી જાય છે. અત્યાર સુધી તો આ પાણીનો ઘણો ઉપયોગ હતો અને એથી તમામ માણસો અને પશુઓને ભારે સુખ હતું, પણ હવે આગળ વરસાદ જ વરસી રહ્યો છે, ઠેકઠેકાણે નાળાં પણ ભરાઈ ગયાં છે અને પાણીની છાકમછોળ છે. તેથી હવે આ પાણીની ગાડીને ખાલી કરાવી નાખું, તેમાં ભરેલાં બધાં માટલાં ફોડાવી નાખું અને આ બળદોને આરામ મળે એવું કરું. વળી આ ગાડી અને બળદો ખાલી હશે તો બીજા કામમાં પણ આવશે.'

આમ વિચાર કરીને તેણે પેલાં પાણીના ગાડીવાળાને હાંક મારી ગાડી ઊભી રખાવી. એટલામાં ખવીસરાજ 'હવે અમારે મોડું થાય છે' એમ કહીને કોઈ ન દેખે એ રીતે તે જંગલમાં અદૃશ્ય થઈ ગયો. આ તરફ ગાડીમાંનાં પાણીનાં માટલાં ધબોધબ નીચે પડવા લાગ્યાં, ચારે બાજુ પાણી ઢોળી નાખવામાં આવ્યું અને કોગળો કરવા જેટલું પણ પાણી બાકી રહ્યું નહીં.

તે સ્થળેથી આગળ વધતાં પડાવ કરવાનો વખત થતાં એક મોટા મેદાનમાં તેણે પડાવ નાખ્યો. રસ્તામાં ટીપું પણ પાણી ન દેખાયું અને પેલી વનરાઈની પાછળ પણ સૂકુંભઠ આકાશ વણજારાની મશ્કરી કરતું હસી રહ્યું હતું.

પડાવમાં તમામ લોકો 'પાણી પાણી'ની બૂમ મારતા હતા. તેમને ખબર પડી કે વણજારાએ તમામ પાણી ફેંકાવી દીધું છે, બધાં માટલાં ફોડાવી નાખ્યાં છે અને કોગળો કરવા જેટલું પણ પાણી રહેવા દીધું નથી, ત્યારે તેઓ વણજારાને ભાંડવા લાગ્યા. પાણી વિના સૌ 'ત્રાહિ', 'ત્રાહિ' પોકારી ઊઠ્યા.

પડાવ પડ્યા પછી બળદોને છૂટા કરવામાં આવ્યા, ગાડીઓ ઘેરામાં ગોઠવાઈ. પાણી વિના શું થાય ? પૈડાં સાથે બાંધેલા બળદો તરસ્યા રહ્યા અને માણસો પણ તરસ્યા રહ્યા. આ રીતે આખી રાત તરફડિયાં મારતાં બધાં મનુષ્યો અને પશુઓ હેરાન થઈ ગયાં.

હવે મોકો મળતાં મધરાતે પેલા દૈત્યો પોતાના રહેઠાણમાંથી બહાર આવ્યા. તેમને ખબર જ હતી કે આજે આપણને નરમાંસનો ઠીક લાગ મળવાનો છે. તેઓ એ પણ જાણતા હતા કે પેલો વણજારો નર્યો કમઅક્કલ જ છે અને તેને પોતાના રાજા મોટા ખવીસના વચન ઉપર વિશ્વાસ આવી ગયો છે. એટલે તેણે પોતાની પાસે એક ટીપું પણ પાણી નહિ રહેવા દીધું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. આને પરિણામે પશુઓ અને માનવીઓ પાણી વિના મરણતોલ થઈ ગયાં હશે. એટલે તેમને એક એક કરીને આપણે ખૂબ મઝાથી ખાઈ શકીશું.

બાર ખવીસો સાથે પેલો મોટો ખવીસ ત્યાં વણજારાના પડાવમાં આવી પહોંચ્યો, અને જેમ માણસો ગાજર કે ચીભડાં ખાય છે તેમ તેણે એક પછી એક માણસ અને પશુના કોળિયા કરવા શરૂ કર્યા. તેની સાથે આ ઉજાણીમાં પેલા બારે ખવીસો પણ ભળી ગયા.

તેઓએ બધા માનવી અને પશુઓને જોતજોતામાં સફાચટ કરી નાખ્યા, તેમનાં હાડકાં ત્યાં જ ફેંકી દીધા અને તેઓ ધરાઈ-ધરાઈને ઓડકાર ખાતાખાતા પોતાને રહેઠાણે પહોંચી ઘોરવા મંડી પડ્યાં

માલસામાનથી ભરેલી પાંચસો ગાડીઓ એમ ને એમ પડી રહી અને પેલો વણજારો તેના આખા સંઘ સાથે પોતાની મૂર્ખાઈથી ત્યાં જ વિનાશ પામ્યો.

હવે પંદર દિવસ કે મહિનો થઈ ગયા પછી બોધિસત્ત્વ વણજારાએ એ જ રસ્તે વેપાર-વણજ માટે જવાનું નક્કી કર્યું, અને પોતે જે બધી તૈયારી કરી રાખી હતી તે પ્રમાણે તે પોતાના સાથીદારો સાથે સારો દિવસ જોઈને નીકળી પડ્યો. જે રસ્તે પેલો આગલો વણજારો ચાલ્યો હતો તે જ રસ્તે બોધિસત્ત્વ વણજારાએ પણ પોતાનો પ્રવાસ શરૂ કર્યો.

તે પણ એ જ રીતે પડાવ કરતો કરતો રસ્તામાં આવતી તમામ વસતીઓને પસાર કરી પેલા નિર્જલકાંતાર પાસે આવી પહોંચ્યો. કાંતારમાં પેસતાં પહેલાં તેણે પોતાના તમામ સાથીદારોને એકઠાં કરી સૂચના કરી કે "આવાં જંગલોમાં પાણીનું નામ નથી હોતું. માટે જ્યાં સુધી આપણે આ જંગલોમાંથી પસાર થઈ ધારેલે ઠેકાણે ન પહોંચી જઈએ, ત્યાં સુધી પાણીના એક ટીપાનો પણ કોઈએ દુરુપયોગ ન કરવો, વણખપનું એક ટીપું પણ ન ઢોળવું. બીજું, આવા જંગલમાં ખવીસો રહેતા હોય છે. તેઓ માનવી જેવો પોશાક પહેરી માણસોને પોતાના ફાંસલામાં ફસાવે છે. એટલે કોઈ પણ સાથીદારે મારા સિવાય કોઈ અજાણ્યા માણસનું કશું માનવું નહિ. બરાબર સાવચેતીથી એકબીજાની સંભાળ રાખવી અને તમામ બળદોને પણ બરાબર સંભાળવા, તથા આપણો માલસામાન બરાબર સચવાય તેમ જાગતા રહેવું."

આ રીતે તમામ સાથીદારોને ચેતવણી આપી બોધિસત્ત્વ વણજારાએ પેલા ઘોર નિર્જલકાંતારમાં પ્રવેશ કર્યો.

તે બધા થોડું આગળ ચાલ્યા, ત્યાં પેલા ખવીસો અને તેનો રાજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગારાથી ખરડાયેલ પૈડાંવાળા રથ ઉપર બેસી તેમની સામે આવતા દેખાયા. તેમના માથાથી પાણી ટપકતું હતું, કપડાં ગારાથી છંટાયેલાં હતાં, હાથમાં અને ગળામાં લીલાં તાજાં કમળોની માળાઓ શોભતી હતી અને તેઓ તાજાં કમળોની નાળોને ખખડાવતાં ખખડાવતાં આવતા હતા.

જેવો તે ખવીસ પોતાનો રથ તારવી બોધિસત્ત્વ વણજારા સાથે વાતચીત કરવાની લાલચથી ઊભો રહ્યો તેવો આંખ પરથી જ વણજારાએ તેને પારખી લીધો. વણજારાએ વિચાર કર્યો કે 'આવાં જંગલો હમેશાં પાણી વિનાનાં હોય છે, તેમાં એકાએક આવા માણસો રહે એવો સંભવ નથી. કોઈ વટેમાર્ગુ કે મારા જેવા વેપારીઓ જંગલમાંથી પસાર થાય તે સંભવિત છે, પણ આ બધા તેવા લાગતા નથી. તેમ વેપારીઓ હોય એવું પણ તેમના દેદાર પરથી જણાતું નથી. ઠીક છે, જોઈએ છીએ શું થાય છે.'

પેલા ખવીસરાજે બોધિસત્ત્વને જુહાર કર્યા અને કુશળસમાચાર પૂછ્યા તથા પ્રવાસની હકીકત એક પછી એક પૂછવા માંડી, અને છેવટે ભારપૂર્વક કહ્યું : ''આગળ વરસાદ ધોધમાર વરસી રહ્યો છે. આ સામે દેખાય છે તે વનરાઈની પાછળ જ તે વરસે છે. જુઓ ને અમે તો બધા પલળી ગયા અને ટપકતે પાણીએ જઈ રહ્યા છીએ. અમારા રથનાં પૈડાં તાજા ગારામાં ખૂંતી ગયેલાં તે અમે માંડમાંડ કાઢ્યાં અને તે ગારાનાં નિશાન હજુ આ પૈડાં ઉપર તદ્દન તાજાં છે. અમારાં કપડાં પણ તાજાં ગારાથી છંટાયેલાં છે. વળી અમારા હાથમાં આ તાજાં કમળો, તેનાં નાળો અને ગળામાં લીલાં કુંજાર તાજાં કમળોની ભીનીભીની માળાઓ તમે જોઈ શકો છો. વરસાદ વરસી રહ્યો છે; એટલું જ નહીં, આગળ ઉપર કમળોથી ઢંકાયેલાં મોટાં મોટાં સરોવરો પણ આવે છે. માટે તમે પાણીથી ભરેલાં ગાડાંઓ ને તેમાંના પાણીનાં માટલાં ફોડી કાઢી પાણી ફેંકી દઈ ખાલી કરી નાંખો; બિચારા આ બળદોનો ભાર ઓછો કરી નાંખો; અમારે તો શું ? પણ આ બળદોની અમને દયા આવે છે. અત્યાર સુધી તો પાણી રાખવું ઠીક હતું, પણ હવે જ્યારે આગળ પાણીની રેલમછેલ છે ત્યારે શીદ ઠાલા આ બળદોને ભારે મારવા. વાટમાં તમે મળ્યા એટલે અમે તો અમારો ધરમ બજાવ્યો.''

આ બધું સાંભળીને બોધિસત્ત્વ જરાય ભરમાયો નહીં; ઊલટું, તે વિચાર કરવા લાગ્યો : 'આ મોટાભાઈની આંખ લાલઘૂમ છે, સાધારણ માણસની આવી આંખ હોય નહીં. વળી ચંદ્રના પ્રકાશમાં આ ભાઈનો તેમ જ તેની સાથેના આ બીજા બાર ભાઈઓનો આ મેદાનમાં પડછાયો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાતો નથી. એટલે જરૂર આ અતિ-માનવો છે અને મધુરું મધુરું બોલી ભારે ફાંસલો પાથરવાનો કોઈ પ્રયાસ કર્યો લાગે છે.'

બોધિસત્ત્વે તેમને જુહાર કરી તેમના પણ સુખસમાચાર પૂછી રોકડું પરખાવ્યું કે "ભાઈ ! તમારી વાત ખરી છે. પણ અમે વણજારાઓ જ્યાં સુધી નજરોનજર પાણી ન જોઈએ ત્યાં સુધી પાણીનું એક ટીપું પણ ઢોળી શકીએ નહિ. તમે જે સલાહ આપી તે માટે તમારો આભાર !"

પેલો ખવીસ તો પોતાના સાથીઓ સાથે તે જંગલમાં અલોપ થઈ ગયો અને પોતાનો આ ફાંસલો ઝટ સફળ થાય તેની રાહ જોવા લાગ્યો.

પણ બુદ્ધિશાળી બોધિસત્ત્વે પોતાની તર્કશક્તિનો ઉપયોગ કરી પોતાના સાથીદારોને પાસે બોલાવી કહેવા માડ્યું : "ભાઈઓ ! આ પેલા જે માણસો હતા તે ખરા માણસો નહોતા; તેઓ મેં તમોને અગાઉ જણાવ્યા પ્રમાણે ખરેખરા ખવીસો જ હોવા જોઈએ. તેમણે આપણી બધાંની અને બિચારા પશુઓની કચુંબર કરવા જ વરસાદની વાત વહેતી મૂકેલ છે અને તેમણે, જાણે તેઓ ભર વરસાદમાંથી આવતા હોય, તેવા તમામ રંગઢંગ પણ રચેલ છે. પણ આપણે ગભરાવાનું કારણ નથી. તમે જ વિચારો કે જો આ વનરાઈની પાછળ જ વરસાદ ધોધમાર વરસતો હોય તો આ ચાલતી હવા તો આપણને ઠંડી લાગવી જોઈએ ને ? શું તમે કોઈએ આ નિર્જળ જંગલમાં કમળોથી ઢાંકેલાં સરોવરો હોય એવું કદી સાંભળ્યું છે ખરું ?"

તમામે ના પાડી.

"વરસાદની હવા એક યોજન સુધીના ભાગમાં ઠંડક ફેલાવે છે, તો પછી સામે જ વનરાઈની પાછળ ધોધમાર વરસાદ વરસતો હોય તો તમારામાંનાં કોઈને પણ વરસાદને અડકીને આવતી હવાથી જરા પણ ઠંડક લાગે છે ખરી ?"

તમામે હવાની ઠંડક પણ નકારી.

"ધોધમાર વરસતા વરસાદમાં વાદળાંનું મથાળું એક જોજન છેટેથી જોઈ શકાય છે ? તમે આ સામે એક પણ કાળું વાદળ જોઈ શકો છો ?"

બધાએ નકારમાં જ પોતાના માથાં હલાવ્યાં.

"વરસાદ વખતે ચમકતી વીજળી લગભગ ૨૦ ગાઉ સુધી દેખાય છે, તો શું આ ધોધમાર વરસતાં વરસાદમાં વીજળી નહિ જ થતી હોય ? અને થતી હોય તો તમારામાંના કોઈએ એ વીજળીનો ઝબકારો સરખો પણ જોયો છે ખરો ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમામે ના ભણી.

"મેઘનો ગડગડાટ કેટલે દૂર સુધી સાંભળી શકાય છે ?"

કોઈ અનુભવીએ કહ્યું કે "લગભગ બે જોજન સુધી તો મેઘનો ગડગડાટ સંભળાય ખરો."

"ત્યારે શું તમે કોઈએ એ ગડગડાટને પણ સાંભળ્યો ખરો ?"

'કોઈએ સાંભળ્યો નથી' એમ બધાએ એકી અવાજે કહ્યું.

"ભાઈઓ ! હમણાં જ મેં જે પૂછ્યાં તે બધાં વરસાદને પારખવાનાં એંધાણ છે, એમાંનું એક પણ એંધાણ દેખાતું નથી. તો માત્ર પેલા માણસના કહેવા ઉપરથી 'આગળ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે' એવું કેમ માની શકીએ ? અને પાણીનાં માટલાંને ફોડીને પાણી બધું ઢોળી નાખીને આપણે આગળ કેમ ક્ષેમકુશળ જઈ શકીએ ? એટલે એ કહેનારાં માણસો તો ન હતા જ, પણ એ લોકોનાં તો ખવીસ જેવાં બધાં ચિહ્નો હતાં. માટે આપણે એની જાળમાં નથી ફસાયા એ સારું જ થયું. કોઈ કુદરતની શક્તિનો પાડ છે એમ આપણે સમજવું રહ્યું. વળી એ ખવીસોએ આપણી આગળ નીકળેલા પેલા કમઅક્કલ વણજારાનો અને તેના તમામ સંઘના તથા તેમના બધા બળદોનો સુધ્ધાં વિનાશ કર્યો હશે એમાં હવે શક નથી."

આમ બધી વાતચીત કરી બોધિસત્ત્વનો સંઘ આગળ વધ્યો, અને જ્યાં મધ્યજંગલમાં તેઓ પહોંચ્યાં ત્યાં તો પાંચસો ગાડીઓ ઊભી હતી; ચારેકોર હાડકાંનો ગંજ દેખાતો હતો. આ બધું જોઈને તે બધાને ખાતરી થઈ ગઈ કે બાપડો ભોળો વણજારો બધા સાથીદારો અને પશુઓ સાથે પેલા ખવીસોની જાળમાં ફસાઈ ગયો હતો અને તે તમામની અહીં હત્યા થઈ હતી.

આ બધું નજરે જોયા પછી બોધિસત્ત્વના સંઘને એમ લાગ્યું કે 'આપણે બોધિસત્ત્વની વાતને પ્રમાણ ન માની હોત અને પેલા શરાફ દેખાતા ખવીસની જાળમાં ફસાયા હોત તો આપણા પણ આવા જ હાલ થાત.'

આખો સંઘ બોધિસત્ત્વની બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ અને તર્કશક્તિ ઉપર ખુશ થઈ ગયો. 'જ્યારે જ્યારે પ્રવાસ ખેડવાનો વખત આવે ત્યારે ત્યારે આપણને આવો જ નાયક મળે' એમ મનમાં ને મનમાં બધાએ પ્રાર્થના કરી.

પેલા વણજારાની ગાડીઓ જ્યાં ઊભી હતી ત્યાં આજુબાજુ જમીન ચોખ્ખી કરાવી બોધિસત્ત્વ વણજારાએ તંબૂ ઠોકવાની આજ્ઞા આપી. પોતાના તંબૂઓની વચ્ચે તમામ ગાડીઓને ઘેરામાં ઊભી કરાવી અને બળદોને પણ ગાડીનાં પૈડાંઓ સાથે બંધાવ્યા. સાંજે તમામે વાળુ કર્યું. બળદોને નીરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખી બધા સૂઈ ગયા. પણ બોધિસત્ત્વ પોતાના અમુક ચુનંદા સરદારો સાથે હાથમાં ખુલ્લી તલવાર લઈ ખડેપગે ચોકી-પહેરામાં જ રોકાયો. આખી રાત તેણે એક મટકું પણ ન માર્યું અને વારંવાર આખા પડાવમાં આંટાફેરા કરીને સખત પહેરો ભર્યો. પરિણામે કશું યે વિઘ્ન ન આવ્યું અને સવાર થતાં આગળના પ્રવાસ માટે બધા હેમખેમ પાછા તૈયાર થઈ ગયા. થોડો પ્રવાસ બાકી હતો તે પૂરો કરી તેઓ ધારેલ ઠેકાણે પહોંચી ગયા. ત્યાં પોતાની પાસેનો માલસામાન વેચી સારું નાણું મેળવ્યું, નફો પણ સારો થયો અને વળતાં પાછા ફરતાં કેટલોક ઉપયોગી સોદો ગાડીઓમાં ભરી નિર્વિઘ્ને બનારસ પહોંચી ગયા, અને પેલા વણજારાના કુટુંબને તેના જે હાલહવાલ થયા હતા તેની ખરી ખબર પણ કરી.

જેઓ કુતર્કોને વશ પડે છે તેના બૂરા હાલ થાય છે, અને સમય આવ્યે જેઓ બુદ્ધિબળનો બરાબર ઉપયોગ કરી પોતાનો વ્યવહાર ચલાવે છે તેઓ સુખી થાય છે.

— અખંડ આનંદ, જૂન - ૧૯૪૯

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org